eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 381
January 23, 2015

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ગેરકાયદેસર થતા બાંધકામ બાબત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ગેરકાયદેસર થતા બાંધકામો સામે પગલા લેવામાં આવી રહયા છે.આજરોજ તા.૨૧/૦૧/૧૫ ના રોજ પણ લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ગોડાદરા વિસ્તારમાં આવેલા સમ્રાટ ઈન્ટસ્ટ્રીયલ એરીયામાં ચાલતા ગેરકાયદેસર બાંધકામ પર કાર્યવાહી કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાકદિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ની ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાદિનની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, ડો. શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડનની બાજુમાં, ગજેરા સર્કલ, કતારગામ–અમરોલી રોડ, કતારગામ, સુરત ખાતે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૬૧૮૬ ઘરનો સર્વે કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તામાં મુખ્ય રસ્તાઓ પર રોડ, ફૂટપાથ તેમજ ફ્રન્ટ માર્જીનમાં અનઅધિકૃત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન, છાપરા વિગેરે દબાણ થયેલાં હોય જેને પરિણામે રોડ પર ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ થાય છે જેને ધ્યાને લઈ તેને દૂર કરવાની ઝુંબેશ તા.૨૦/૦૧/૨૦૧૫ અને તા.૨૧/૦૧/૨૦૧૫ના રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭, નોંધ નં.૧૨૫૮/અ/, ૧૨૬૨/અ/૪/૧ હોડી બંગલા વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૧/૦૮/૧૨ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૩૮૨૯ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૩૨૮૩ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૫૪૬ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૪૦ આવાસ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૨૨/૦૧/૧૫ ગુરૂવાર ના રોજ (૧) અઠવાગેટ સર્કલ થી વનિતા વિશ્રામ સાઈડે રીંગરોડ થી આર.ટી.ઓ. થઈ અઠવાગેટ પરત (૨) મજુરાગેટ થી ગાંધી એન્જીનીયરીંગ થઈ આર.ટી.ઓ. થઈ વિજયનગર થી મજુરાગેટ પરત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૧/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૫૦૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૬૨ ઘરનો સર્વે કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ીયન સ્કીમ હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી તા.૨૨/૦૧/૨૦૧૫ સુધીમાં ીયનઢક્ષ થી ીયનઢઘડ ના કુલ–૪૧૬૪ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૩૫૬૬ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૦૫૨ ઘરનો સર્વે કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>



## "નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ"

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૮મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક, સુરત ખાતે સુતરાંજલી/પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓ ઉદ્દભવેલ છે. આ સમસ્યામાંથી મહદ્અંશે બહાર આવી શકાય તે હેતુથી મ્યુ. કમિશ્નરશ્રીના આદેશાનુસાર અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી ...



વધુ માટે કલીક કરો >>>>>>

## મ.ન.પા. આયોજીત પુસ્તક મેળામાં પુસ્તક દાન યોજનાનો શુભારંભ

સુરત મ.ન.પા. આયોજીત ૧૪મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું તા.૨૩/૦૧/૨૦૧૫ના રોજ વનિતા વિશ્રામ મેદાન ખાતે પ્રસિધ્ધ ગુજરાતી સાહિત્યકાર અને ગઝલકાર શ્રી અંકિત ત્રિવેદીની ઉપસ્થિતીમાં ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મ.ન.પા. આયોજીત પુસ્તક મેળામાં સ્ટુડન્ટ બુક બેંક યોજનાનો લાભ લેવા અપીલ

સુરત મ.ન.પા. આયોજીત ૧૪મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું તા.૨૩/૦૧/૨૦૧૫ના રોજ વનિતા વિશ્રામ મેદાન ખાતે પ્રસિધ્ધ ગુજરાતી સાહિત્યકાર અને ગઝલકાર શ્રી અંકિત ત્રિવેદીની ઉપસ્થિતીમાં ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. જે દરમ્યાન મેયરશ્રી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મ.ન.પા. આયોજીત પુસ્તક મેળામાં ગીફટ મેમ્બરશીપ યોજનાની જાહેરાત

સુરત મ.ન.પા. આયોજીત ૧૪મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું તા.૨૩/૦૧/૨૦૧૫ના રોજ વનિતા વિશ્રામ મેદાન ખાતે પ્રસિધ્ધ ગુજરાતી સાહિત્યકાર અને ગઝલકાર શ્રી અંકિત ત્રિવેદીની ઉપસ્થિતીમાં ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. જે દરમ્યાન મેયરશ્રી અને મ્યુનિ. કમિશ્નરશ્રી ...

વધુ માટે કલીક કરો >>>>>>

### પ્રેસનોટ–સુરત શહેરની INDIA'S MOST PROMISING CITY AWARDS અંતર્ગત પસંદગી

સ્માર્ટ સીટી કાઉન્સીલ દ્વારા INDIA'S MOST PROMISING CITY AWARDS અંતર્ગત સુરત શહેરની પસંદગી કરવામાં આવી છે.એવોર્ડ વિતરણ તા.૧૭/૨/૨૦૧૫ ના રોજ ઈન્ડિયા હેબીટાટા સેન્ટર , નવી દિલ્લી ખાતે બીજી સ્માર્ટ સીટી સમિતિ દરમ્યાન યોજવામાં આવશે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ભધક સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ ના રોજ કુલ – ૩૦૦ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૦૮ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૯૨ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૬ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### ઈન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)નાં કેસો વધવાની શકયતા બાબત

શીયાળાની ૠતુ દરમ્યાન ઈન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)નાં કેસો વધવાની શકયતા હોય છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારની સ્મીમેર, મસ્કતિ ધર્માથ હોસ્પિટલ,નવી સીવીલ હોસ્પિટલ ઉપરાંત ૧૨થી વધુ ખાનગી હોસ્પિટલો જેવી કે સનસાઈન, એપલ,...

**વધુ માટે કલીક કરો >>>>>>**



### સુરત મહાનગરપાલિકા – સ્વામી વિવેકાનંદ ૧૪મો રાષ્ટ્રીય પુસ્તક મેળો

સુરત મહાનગરપાલિકાને સુરત શહેરની જનતાને પ્રજાલક્ષી સુવિધાઓ આપવા માટે અનેક એવોર્ડ મેળવ્યા છે. જીવનમાં પુસ્તકોનું મુલ્ય અમુલ્ય છે.સતત પ્રગતિ કરવા માટે વાંચન જરૂરી છે જીવનમાં પુસ્તકોનું ૠણ મહત્વપુર્ણ છે.આ વિચારધારા સાથે સુરત મહાનગરપાલિકા સ્વામી વિવેકાનંદ ૧૪મો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૧૫",૧૨મો રાષ્ટ્રીય બગાયત–હર્બલ મેળો અને ફલાવર શો" સુમન–૨૦૧૫" તથા શિલ્પગ્રામ મેળો–૨૦૧૫" નું ઉદ્‌ઘાટન ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા



YASHADA મહારાષ્ટ્ર ગર્વમેન્ટ ના ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ ના ૪૪ સભ્યો તથા ૪ ફેકલ્ટી પુણા ની ટીમ તા.૨૩/૦૧/૨૦૧૫ થી ૨૪/૦૧/૨૦૧૫ સુધી સુરત મહાનગરપાલિકા ની મુલાકાતે આવેલ છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્‌અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશ્નરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

### સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન , ઉધના ઝોન,રાંદેર ઝોન, વરાછા ઝોન વિસ્તારમાંપૈકી(૧).ડીંડોલીવોર્ડઓફીસપ્રા.શાળા–૧૯૦.૯૭લાખ(૨).પ્રા.શાળા૧૦૭.૧૯લા(૩).મલ્ટીએકટીવીટી–૩૫.૯૯લાખ (૪)પાર્ટી પ્લોટ ૯૨.૨૯ લાખ (૫)દંતોરા જકાતનાકા બ્રીજ–૧૬૩.૭૬લાખ (૬)ભેદવાડખાડી ૨૭૫લાખ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



### સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો–"વિદ્યા ૨૦૧૫" અને રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો–"સુમન ૨૦૧૫" તથા શિલ્પગ્રામ મેળો–"શિલ્પગ્રામ ૨૦૧૫"નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો



સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો–''વિદ્યા ૨૦૧૫'' અને રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો–''સુમન ૨૦૧૫'' તથા શિલ્પગ્રામ મેળો–''શિલ્પગ્રામ ૨૦૧૫''નું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ગેરકાયદેસર થતા બાંધકામો સામે પગલા લેવામાં આવી રહયા છે.આજરોજ તા.૨૧/૦૧/૧૫ ના રોજ પણ લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ગોડાદરા વિસ્તારમાં આવેલા સમ્રાટ ઈન્ટસ્ટ્રીયલ એરીયામાં ચાલતા ગેરકાયદેસર બાંધકામ પર કાર્યવાહી કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી) માં ફા.પ્લોટ નં. ૪૧ માં સમ્રાટ ઈન્ડસ્ટ્રીલ સોસાયટીમાં પ્લોટ નં. ૫૭/૫૮ ના મિલ્કતદારો ત્રીજામાળનું ઈન્ડસ્ટ્રીયલ બાંધકામ ગેરકાયદેસર રીતે ચાલુ કરી દેવામાં આવેલ હતું.લિંબાયત ઝોન કચેરીના સ્ટાફ દ્વારા સદરહુ મિલ્કતદારોને વારંવાર ચેતવણી આપી બાંધકામ ન કરવા જણાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો દ્વારા સદરહુ ચેતવણીઓને અવગણીને ગેરકાયદેસર બાંધકામ ચાલુ જ રાખવામાં આવેલ. આથી આજરોજ તા.૨૧/૦૧/૧૫ ના દિવસે લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ દ્વારા ખાનગી કોન્ટ્રાકટરોના માણસો લઈને ત્રીજામાળનું આર.સી.સી.સ્લેબ અને ચણતરકામનું ડીમોલીશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. સદરહુ કામગીરી દરમ્યાન આશરે ૨૫૦૦ ચો.ફુટ જેટલા માપવિસ્તારોનું આર.સી.સી.સ્લેબ તથા ૨૦૦૦ ચો.ફુટ જેટલુ ચણતરકામ દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૧,૦૦,૦૦૦/– સદરહુ પ્લોટના માલિક પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

## –: પ્રેસનોટ :–સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાકદિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ની ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાદિનની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ, ડો. શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડનની બાજુમાં, ગજેરા સર્કલ, કતારગામ–અમરોલી રોડ, કતારગામ, સુરત ખાતે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. પ્રજાસત્તાક પર્વના અવસરે સવારે ૯.૦૦ કલાકે કતારગામ ઝોન વિસ્તારની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથે માન સરોવર સર્કલ અમરોલી પુલ થઈ ગજેરા સર્કલ થઈ, ધ્વજ વંદન સ્થળે. કતારગામ વોર્ડ થી લાઈબ્રેરી સર્કલ થઈ, મહાદેવ ફળીયા થઈ ધ્વજ વંદન સ્થળે અને ગોટાલાવાડી, ઈશ્વરનગર સામે શાળા નં.૧૫૬, ૧૧૮થી ધર્મનંદન ડાયમંડ થઈ, કાંસાનગર ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ યોજાનાર સન્માન સમારોહમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા આયોજીત રંગપૂરણી અને દેશભકિતગીત સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તથા રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના રમતવીરોને સ્મૃતિભેટ અને રોકડપુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવશે.

પ્રજાસત્તાક પર્વ અને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સમગ્ર કતારગામ ઝોન વિસ્તારમાં ડસ્ટબીન ઝુંબેશ અને સંકલિત સફાઈ ઝુંબેશ અભિયાન રાખવામાં આવેલ છે. તા.૨૬/૦૧/૨૦૧૫ના રોજ કાંસાનગર ખાતેની શ્રી ચીમનલાલ હીરાલાલ રાણા પ્રાથમિક શાળા ક્રમાંક–૧૭૩માં બ્લડ કેમ્પ અને હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણી માટે કતારગામ ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ધ્વજવંદન સ્થળ વિસ્તારમાં આવેલ રોડ ડિવાઈડરો તથા ઝોન કચેરીઓને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૬૧૮૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૮૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૯ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ડભોલી, વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર સોસાયટી કોસાડ, ઈડબ્લ્યુએસ આવાસ કોસાડ વિગેરેમાંથી વેરા પેટે રૂા. ૧૧,૮૫,૭૦૨/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા. ૩,૮૯,૫૨૭/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૩૭ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૭,૨૮,૦૬૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૨,૦૬,૬૪૪/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૮ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – પશ્ચિમ ઝોન(રાંદેર) – પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તામાં મુખ્ય રસ્તાઓ પર રોડ, ફૂટપાથ તેમજ ફ્રન્ટ માર્જીનમાં અનઅધિકૃત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન, છાપરા વિગેરે દબાણ થયેલાં હોય જેને પરિણામે રોડ પર ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ થાય છે જેને ધ્યાને લઈ તેને દૂર કરવાની ઝુંબેશ તા.૨૦/૦૧/૨૦૧૫ અને તા.૨૧/૦૧/૨૦૧૫ના રોજ ધબકાર સર્કલ(અડાજણ પાટિયા) થી રામનગર પ્રકાશ બેકરી સુધી રાંદેર મેઈન રોડ પરથી કોમર્શીયલ મિલ્કતોમાં આગળનાં માર્જીનવાળા / પાર્કીગવાળા ભાગમાં ઓટલાના લેવલ નીચા કરાવીને ફૂટપાથનાં લેવલ પર કરવા માટે દબાણ દૂર કરેલ તેમજ અનઅધિકુત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન તેમજ છાપરા વિગેરે દબાણ દૂર કરવની કામગીરી કરવામાં આવેલ છે. જેની ટૂંકી વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કામગીરીનો પ્રકાર | મિલ્કતની સંખ્યા | નંગ | એકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | બેરીકેટસ / ગ્રીલ | 04 | 65 | ૨૦૦.૦૦ ચો.ફૂટ | |
| ૨ | હોર્ડિંગ્સ / બોર્ડ | 28 | 34 | નંગ | |
| ૩ | લારી–ગલ્લા | 09 | - | — | |
| ૪ | પતરાનાં શેડ | 28 | 28 | નંગ | |
| ૫ | ઓટલા | 54 | - | ૧૪૦૦૦.૦૦ ચો.ફૂટ | |

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા આ જ પ્રકારની કામગીરી હવે પછી નીચે જણાવ્યા મુજબની વિગતે મેઈન રોડ પર તથા અન્ય " ૦ " દબાણ રૂટ પર હાથ ધરવામાં આવનાર છે. જેનું શિડયુલ નીચે મુજબ છે.

**શિડયુલ**

| ક્રમ | મેઈન રોડનું નામ | સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવાની આખર તારીખ | સુ.મ.પા. ધ્વારા દબાણ દૂર કરવામાં આવનાર ટેન્ટીટીવ તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | રાંદેર મેઈન રોડ(બીજી સાઈડ) ધનમોરા કોમ્પલેક્ષ થી મોરાભાગળ ચાર રસ્તા જંકશન સુધી | તા.૨૭/૦૧/૨૦૧૫ | તા.૨૮/૦૧/૨૦૧૫ | સદર દબાણ દૂર કરવાની કામગીરી દરમ્યાન વહીવટી ચાર્જ જે તે મિલ્કતદારો પાસેથી વસુલ લેવામાં આવશે. |
| ૨ | એલ.પી.સવાણી રોડ એલ.પી.સવાણી સ્કુલથી સ્ટાર મોલ સુધી | તા.૦૧/૦૨/૨૦૧૫ | તા.૦૨/૦૨/૨૦૧૫ | |
| ૩ | હનીપાર્ક રોડ (રોડની બંને સાઈડ) પ્રાઈમ આર્કેડથી એલ.પી.સવાણી સ્કુલ સુધીનો | તા.૦૫/૦૨/૨૦૧૫ | તા.૦૬/૦૨/૨૦૧૫ | |

ઉપરોકત કરવામાં આવેલ કામગીરી તથા ઉકત શીડયુલ મુજબ હવે પછી કરવામાં આવનાર દબાણ દૂર કરવાની કામગીરી એડી. સીટી ઈજનેરશ્રીની સૂચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ તેમની સીધી દેખરેખ હેઠળ પશ્ચિમ ઝોન(રાંદેર)નો સંયુકત સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે / આવનાર છે.

## પ્રેસનોટ – ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭, નોંધ નં.૧૨૫૮/અ/, ૧૨૬૨/અ/૪/૧ હોડી બંગલા વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૧/૦૮/૧૨ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર પર આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ પાર્કીંગ સહિતનું બાંધકામ અત્રેથી તા.૨૧/૦૧/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૧, નોંધ નં.૧૮૬૯/૧ મુગલીસરા વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૦/૧૦/૧૨ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ પાંચમા માળે આશરે ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તા.૨૧/૦૧/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૩૮૨૯ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૩૨૮૩ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૫૪૬ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૪૦ આવાસ, સુડા હસ્તકના ૯ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ૨ આવાસ મળી કુલ–૧૫૧ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

આવતીકાલે તા.૨૨/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૩૩૫ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં LIG-26 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર A, LIG-27 ના બિલ્ડીંગ નંબર A અને B, LIG-28 ના બિલ્ડીંગ નંબર A થી D, LIG-29 ના બિલ્ડીંગ નંબર A અને B તથા LIG-30 ના બિલ્ડીંગ નંબર A, B અને C ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૧/૦૧/૨૦૧૫ નાં રોજ સંસ્થાની અન્ય જાહેર મિલકતો, વોટર વર્કસ / પમ્પીંગ સ્ટેશન, આંગણવાડી મિલકતોમાં જમા થયેલ કચરાના ઢગલાના નિકાલની તેમજ ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત શહેરની ૨૨૮ – જાહેર મિલકતો, ૧૭ – વોટર વર્કસ, ૩૧ – પમ્પીંગ સ્ટેશન, ૪૧૯ – આંગણવાડીઓની ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવી,  સફાઈ દરમ્યાન એકત્રિત થયેલ મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૨૨/૦૧/૧૫ ગુરૂવાર ના રોજ (૧) અઠવાગેટ સર્કલ થી વનિતા વિશ્રામ સાઈડે રીંગરોડ થી આર.ટી.ઓ. થઈ અઠવાગેટ પરત (૨) મજુરાગેટ થી ગાંધી એન્જીનીયરીંગ થઈ આર.ટી.ઓ. થઈ વિજયનગર થી મજુરાગેટ પરત (૩) અઠવાગેટ થી કૈલાશ રેસ્ટોરન્ટ થઈ અઠવાગેટ પરત (૪) કંસાર હોટલ થી ગાંધીસ્મૃતિ ભવન થઈ જીવનભારતી ચોસઠ જોગાણી માતાના મંદિર થઈ સ્નેહ મિલન ગાર્ડન રોડ (૫) અઠવાગેટ સર્કલ થી કલેકટર કચેરી થઈ તરૂણકુંડ વિસ્તારમાં આરોગ્યલક્ષી અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ગ્રુપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

બાણ ખાતા ધ્વારા ખુલ્લી લારી–૦૫, કાઉન્ટર–૦૧, ટોપલા–૦૭, રૂા.૧૦,૪૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા ૧૨૨ સંસ્થાની તપાસ કરેલ, ૨૩ ઈસમો પાસેથી રૂા.૨,૪૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ ધ્વારા ૭.૫૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૨.૫૦૦ કિ.ગ્રા. જપ્ત કરેલ છે તેમજ ૦૪ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી ૪.૮૦૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૬૨૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૧ ઈસમોને નોટીસ આપવામાં આવી. રૂા. ૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૧/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૦૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૬૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૭૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ કુબેરનગર પારસ સોસાયટી,ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ,, ડભોલી સીંગણપોર રોડ,બાપાસીતારામ ચોક,મગનનગર વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર સોસાયટી વિગેરેમાંથી વેરા પેટે રૂા. ૧૮,૬૭,૭૪૬/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા. ૪,૭૦,૨૨૫/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૭ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૬,૭૪,૨૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૩૯,૬૭૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૫૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૨/૦૧/૨૦૧૫ નાં રોજ સુરત શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં રોડની આજુ બાજુ તથા સુરત મહાનગરપાલિકાના / ખાનગી પ્લોટોમાં ઉગી નિકળેલ નકામા ઘાસ–છોડવા–વેલાના કટીંગની અને સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત સુરત મહાનગરપાલિકાના / સરકારી પ્લોટ – ૧૨૪, ખાનગી પ્લોટ – ૨૬૧, સાફ–સફાઈ કરાવી, જાહેર રસ્તાની આજુ બાજુ ઉગી નિકળેલ નકામા ઘાસ–છોડવા–વેલાના કટીંગ કરવાની કામગીરી કુલ – ૫૧ સ્થળે કરાવવામાં આવેલ છે. આ કામગીરી દરમ્યાન એકત્રિત થયેલ મયુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરાવી, ખાનગી પ્લોટના માલિકો પાસેથી પ્લોટની સફાઈ કરાવી વહીવટી ખર્ચ – રૂા.૯,૩૦૦/– વસુલવામાં આવેલ છે.

# પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ LIG સ્કીમ હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી તા.૨૨/૦૧/૨૦૧૫ સુધીમાં LIG-1 થી LIG-30 ના કુલ–૪૧૬૪ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૩૫૬૬ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૫૯૮ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૫૦ આવાસ, સુડા હસ્તકના ૧૨ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ૨ આવાસ મળી કુલ–૧૬૪ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

આવતીકાલે તા.૨૩/૦૧/૨૦૧૫ ના રોજ EWS-1 સ્કીમના કુલ–૩૦૦ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં EWS-1 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર A થી E ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૦૫૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૭૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૪ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ કુબેરનગર પારસ સોસાયટી,ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,વેડરોડ પંડોળ ઈન્ડ. વિગેરેમાંથી વેરા પેટે રૂા. ૧૧,૮૯,૩૦૭/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા. ૬,૪૦,૨૨૨/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૫ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૪,૦૯,૦૧૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૫૩,૨૫૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## –: પ્રેસનોટ :–"નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ"




ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૮મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક, સુરત ખાતે સુતરાંજલી/પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ તથા સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નેતાજીને પુષ્પાંજલી અર્પણ કરી હતી. ત્યારબાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓએ માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝના જીવન પર સુંદર વ્યકતવ્ય રજુ કરી રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

**પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.**



સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓ ઉદ્‌ભવેલ છે. આ સમસ્યામાંથી મહદ્‌અંશે બહાર આવી શકાય તે હેતુથી મ્યુ. કમિશનરશ્રીના આદેશાનુસાર અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી કામરેજ તરફ જતાં (વરાછા મેઈન રોડ) રસ્તાની જમણી બાજુએ આવેલ આશરે ૭૦ જેટલી મિલકતો દુકાનો/શોપીંગ સેન્ટરો, મકાનો દ્વારા રસ્તા/ફુટપાથ, માર્જીનની તથા પાર્કિંગવાળા ભાગમાં ગેરકાયદેસર દબાણ કરી તાણી બાંધેલ ઓટલાંઓ, દાદર, ફેબ્રીકેશન શેડ, દિવાલો, ગ્રીલ, કેબીનો, બેનરો વિગેરે તોડીને આશરે ૭૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રાખવામાં આવનાર છે. તથા આગામી દિવસોમાં વરાછા ઝોનના અન્યો વિસ્તારોને પણ તબકકાવાર આવરી લેવામાં આવશે. જો કે ઉકત કામગીરી દરમ્યાન સ્થાનિક લોકો તરફથી પૂરતો સહકાર મળી રહેલ તેમજ હાલ પર્યંત કોઈક ગંભીર સમસ્યાઓ ઉદ્‌ભવેલ નથી. આ ઉપરાંત સરથાણા વિસ્તાર ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૧(સરથાણા–સીમાડા) માં એલ ગણેશ રો –હાઉસની સામે ૬૦.૦૦ મી. ના ટી.પી. રસ્તા પરથી ૫(પાંચ) ટ્રક રેતી તથા ૧(એક) ટ્રક કપચી તેમજ સહારા દરવાજાથી સરદાર માર્કેટ વાળા રોડ પરથી ૩૨(બત્રીસ) નંગ ખુલ્લી લારી અને ઈશ્વરકૃપા સોસાયટી પાસેથી ૬(છ) નંગ ખુલ્લી લારી જપ્તકરી દબાણ દુર કરવામાં આવેલ.

ઉકત કામગીરી એડી.સીટી. ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન અને રાહબરી હેઠળ પોલીસ સ્ટાફ, ટ્રાફિક પોલીસ તથા સિકયુરીટી સ્ટાફ ની મદદથી અત્રેના પૂર્વઝોનના ઈજનેરી સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – મ્યુનિસિપલ લાયબ્રેરી વિભાગ – પ્રેસનોટ

## મ.ન.પા. આયોજીત પુસ્તક મેળામાં પુસ્તક દાન યોજનાનો શુભારંભ

સુરત મ.ન.પા. આયોજીત ૧૪મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું તા.૨૩/૦૧/૨૦૧૫ના રોજ વનિતા વિશ્રામ મેદાન ખાતે પ્રસિધ્ધ ગુજરાતી સાહિત્યકાર અને ગઝલકાર શ્રી અંકિત ત્રિવેદીની ઉપસ્થિતીમાં ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. જે દરમ્યાન મેયરશ્રી અને મ્યુનિ. કમિશ્નરશ્રી ધ્વારા વાંચન પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ યોજનાઓની જાહેરાત કરી હતી. જે પૈકીની એક યોજના પુસ્તક દાન માટેની છે. આ યોજના મુજબ કોઈ વ્યકિત કે સંસ્થા ધ્વારા પુસ્તકો અથવા પુસ્તક પ્રાપ્તિ માટેનો લોકફાળો આપવા માંગતા હોય, તો મ.ન.પા. સંચાલિત જાહેર પુસ્તકાલયોને ભેટ તરીકે આપી શકશે. જે બદલ દાતાશ્રીને સુરત મહાનગરપાલિકા ધ્વારા યથોચિત પુરસ્કૃત કરવામાં આવશે. યોજનાની વિગત નીચે મુજબ છે.

| પુસ્તકોની સંખ્યા / લોક ફાળાની રકમ (રૂા.) | દાતાશ્રીની શ્રેણી | પ્રશસ્તિ પત્ર | સ્મૃતિ ભેટ | સભ્યપદ | મેમેન્ટો |
|---|---|---|---|---|---|
| ૧ / ૫૦૦/– | એસ્ટીમ ડોનર | √ | – | – | – |
| ૧૧ / ૫,૦૦૦/– | સિલ્વર ડોનર | √ | √ | – | – |
| ૧૧૧ / ૫૦,૦૦૦/– | ગોલ્ડ ડોનર | √ | √ | √ | – |
| ૧,૧૧૧ / ૫,૦૦,૦૦૦/– | પ્લેટીનમ ડોનર | √ | √ | √ | √ |

આ યોજના તાત્કાલિક અસરથી અમલમાં આવેલ હોય, પુસ્તક મેળામાં મુલાકાતે આવતા વાચક મિત્રો અને જાહેર જનતા પણ પુસ્તક મેળાની મધ્યે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના સ્ટોલ ઉપર બનાવવામાં આવેલ કાઉન્ટર ઉપરથી વધુ વિગતો મેળવી, સ્થળ ઉપર જ પુસ્તક દાન કરી શકશે અથવા લોક ફાળાની રકમ જમા કરાવી શકશે. પુસ્તક મેળાની સમાપ્તિ બાદ પણ આ યોજના ચાલુ રહેશે અને તેનો લાભ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય અને વિવિધલક્ષી વાંચનાલય ખાતેથી સતત મળતો રહેશે.

## સુરત મહાનગરપાલિકા – મ્યુનિસિપલ લાયબ્રેરી વિભાગ – પ્રેસનોટ

## મ.ન.પા. આયોજીત પુસ્તક મેળામાં સ્ટુડન્ટ બુક બેંક યોજનાનો લાભ લેવા અપીલ

સુરત મ.ન.પા. આયોજીત ૧૪મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું તા.૨૩/૦૧/૨૦૧૫ના રોજ વનિતા વિશ્રામ મેદાન ખાતે પ્રસિધ્ધ ગુજરાતી સાહિત્યકાર અને ગઝલકાર શ્રી અંકિત ત્રિવેદીની ઉપસ્થિતીમાં ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. જે દરમ્યાન મેયરશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રી ધ્વારા વાંચન પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ યોજનાઓની જાહેરાત કરી હતી અને તાજેતરમાં જાહેર કરેલ સ્ટુડન્ટ બુક બેંક યોજનાનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી. આ યોજના મુજબ સમાજના આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં સહાયરૂપ થઈ શકાય તે માટે શૈક્ષણિક પુસ્તકો રાહત દરે આપવામાં આવશે. જે માટે વિદ્યાર્થીઓ ધ્વારા અગાઉથી નોંધણી કરાવવાની રહેશે. આ યોજના માટે જરૂરી શૈક્ષણિક પુસ્તકો પુસ્તક દાતાશ્રીઓ ધ્વારા મ.ન.પા. સંચાલિત ભેટ આપી શકશે અથવા તે માટે જરૂરી લોક ફાળો આપી શકશે. આ પ્રકારના પુસ્તક દાતાશ્રી જો લાયબ્રેરીનું સભ્યપદ મેળવવા માંગતા હશે તો તેવોને પુસ્તકાલય દાખલ ફી ની રકમમાં મુકિત આપવામાં આવશે.

આ યોજના હાલ અમલમાં હોય, પુસ્તક મેળામાં મુલાકાતે આવતા વાચક મિત્રો અને જાહેર જનતા પણ પુસ્તક મેળાની મધ્યે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના સ્ટોલ ઉપર બનાવવામાં આવેલ કાઉન્ટર ઉપરથી વધુ વિગતો મેળવી, સ્થળ ઉપર જ બુક બેંક માટે નોંધણી કરાવી શકશે, દાતાશ્રીઓ શૈક્ષણિક પુસ્તકો ભેટ આપી શકશે અથવા લોક ફાળાની રકમ જમા કરાવી શકશે અથવા દાતાશ્રી તરીકે નોંધણી કરાવી શકશે. પુસ્તક મેળાની સમાપ્તિ બાદ પણ આ યોજના ચાલુ રહેશે અને તેનો લાભ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય અને વિવિધલક્ષી વાંચનાલય ખાતેથી સતત મળતો રહેશે.

## મ.ન.પા. આયોજીત પુસ્તક મેળામાં ગીફટ મેમ્બરશીપ યોજનાની જાહેરાત

સુરત મ.ન.પા. આયોજીત ૧૪મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું તા.ર૩/૦૧/ર૦૧પના રોજ વનિતા વિશ્રામ મેદાન ખાતે પ્રસિધ્ધ ગુજરાતી સાહિત્યકાર અને ગઝલકાર શ્રી અંકિત ત્રિવેદીની ઉપસ્થિતીમાં ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. જે દરમ્યાન મેયરશ્રી અને મ્યુનિ. કમિશ્નરશ્રી ધ્વારા વાંચન પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ યોજનાઓની જાહેરાત કરી હતી. જે પૈકીની એક યોજના ગીફટ મેમ્બરશીપ માટેની છે. આ યોજના મુજબ કોઈ વ્યકિત કે સંસ્થા શુભેચ્છા તરીકે પોતાના અંગત સ્વજનો કે શુભેચ્છકોને ભેટ આપવા માંગતા હોય, તો મ.ન.પા. સંચાલિત જાહેર પુસ્તકાલયોનું સભ્યપદ પણ ભેટ તરીકે આપી શકશે. જે માટે ભેટ આપવા માંગતી વ્યકિતએ જાહેર પુસ્તકાલયોનો સંપર્ક કરી, નિયત અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવી, સભ્યપદની રકમ જમા કરાવવાની રહેશે. જેના અનુસંધાને પુસ્તકાલય ધ્વારા શુભેચ્છા પ્રાપ્ત કરનાર વ્યકિતનો સંપર્ક કરી, તેઓને પ્રાપ્ત થયેલ સભ્યપદની જાણ કરવામાં આવશે.

આ યોજના તાત્કાલિક અસરથી અમલમાં આવેલ હોય, પુસ્તક મેળામાં મુલાકાતે આવતા વાચક મિત્રો અને જાહેર જનતા પણ પુસ્તક મેળાની મધ્યે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના સ્ટોલ ઉપર બનાવવામાં આવેલ કાઉન્ટર ઉપરથી વધુ વિગતો મેળવી, સ્થળ ઉપર જ પોતાના અંગત સ્વજનો કે શુભેચ્છકોને લાયબ્રેરીનું સભ્યપદ ભેટ આપી શકશે. પુસ્તક મેળાની સમાપ્તિ બાદ પણ આ યોજના ચાલુ રહેશે અને તેનો લાભ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય અને વિવિધલક્ષી વાંચનાલય ખાતેથી સતત મળતો રહેશે.

# પ્રેસનોટ–સુરત શહેરની INDIA'S MOST PROMISING CITY AWARDS અતર્ગત પસંદગી

સ્માર્ટ સીટી કાઉન્સીલ દ્વારા INDIA'S MOST PROMISING CITY AWARDS અતર્ગત સુરત શહેરની પસંદગી કરવામાં આવી છે.એવોર્ડ વિતરણ તા.૧૭/૨/૨૦૧૫ ના રોજ ઈન્ડિયા હેબીટાટા સેન્ટર , નવી દિલ્લી ખાતે બીજી સ્માર્ટ સીટી સમિતિ દરમ્યાન યોજવામાં આવશે. Construction Word તથા Indicus Analytics ની મદદ થી સ્માર્ટ અને ઈનોવીટી ડેવલોપમેન્ટને ધ્યાને રાખી સ્ટડી રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ જેને ધ્યાને રાખસ સુરત શહેરની એવોર્ડ અંતગર્ત પ્રસંદગી કરવામાં આવેલી છે.

આ સમારંભમાં મા.યુનીયન કેબીનેટ પ્રધાનશ્રી એમ.વેન્કૈયાહા નાયડુ, મીનીસ્ટરી ઓફ અર્બન ડેવલોપમેન્ટના સેક્રેટરી શ્રી શંકર અગ્રવાલ મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે. સ્માર્ટ સીટી કાઉન્સીલ અમેરીકાના એકઝીટીવ ડાયરેકટરશ્રી ફિલિપ બેન પણ ઉપસ્થિત રહેશે. સમિતિ દરમ્યાન સ્માર્ટ સીટી કાઉન્સીલ યુ.એસ.એ.દ્વારા FIST INDIAN SMART CITY COUNCIL ની પણ શરૂઆત કરવામાં આવશે.

સુરત શહરને એનાયત થનાર એવોર્ડ શહેરના પ્રથમ નારીક માનનીય મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા તથા શ્રી મિંલિન્દ તોરવણે દ્વારા સ્વીકારવામાં આવશે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ભધક સ્કીમના તા.૨૩/૦૧/૨૦૧૫ ના રોજ કુલ – ૩૦૦ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૦૮ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૯૨ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૬ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

તા.૨૭/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૨૭૨ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં EWS-2 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર A થી H ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.

# સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૩/૦૧/૨૦૧૫ નાં રોજ સુરત શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં સરકારી/અર્ધસરકારી/ખાનગી સંસ્થાઓ માં તથા વિવિધ હેલ્થ સેન્ટરોમાં મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવે છે.કે કેમ તેની ચકાસણી કરવામા આવી.

સુરત મહાનગરપાલિકા ધ્વારા અર્બન હેલ્થ સેન્ટરો,હોસ્પિટલ અને મેટરનીટી હોમા મળી કુલ –૪૧ તબીબી સંકુલો તથા ખાનગી દવાખાના મળી–૧૫૬ ચેકીંગ હાથ ધરવામાં આવવ્યું(૧) ડો.ત્રિલોક એચ.દેસાઈ,શ્રી સાંઈ કલીનીક ,મકાઈપુલના નાકે,અડાજણ પાટીયા રૂા.૨૦૦૦/– અને(૨) ડો.સેજલ .એચ.હયાદી ૨૪૫ આસપાસ નગર–૧,ઉધના યાર્ડ પાસેથી રૂા.૫૦૦/– મળી કુલ–૨,૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ છે.જયારે બાકીની તમામ તબીબી સંકુલો /સંસ્થાઓમાંથી જીપીસીબીના ગાઈન અનુસાર બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવતો હોવાનું જાણાયેલ છે.

# પ્રેસ નોટ

શીયાળાની ઋતુ દરમ્યાન ઈન્ફલુએન્ઝા–એ (એચ૧એન૧)નાં કેસો વધવાની શકયતા હોય છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારની સ્મીમેર, મસ્કતિ ધર્માથ હોસ્પિટલ,નવી સીવીલ હોસ્પિટલ ઉપરાંત ૧૨થી વધુ ખાનગી હોસ્પિટલો જેવી કે સનસાઈન, એપલ, આયુષ, લાઈફલાઈન, માલવીયા, મહાવીર, નિર્મળ, નિષ્ઠા, પીપી સવાણી, મિશન, સંજીવની, વિગેરેમાં પોઝીટીવ કેસો સારવાર હેઠળ છે. હાલમાં સુરત શહેરમાં સ્વાઈન ફલુનાં કુલ ૧૪ કેસો નોંધાયેલ છે. તેમાથી ૩ દર્દીનાં મૃત્યુ થયેલ છે અને ૨ વ્યકિતને રજા આપેલ છે તથા ૧ વ્યકિત વધુ સારવાર માટે મુંબઈ ગયેલ છે. હાલમાં ૮ દર્દીઓ સારવાર હેઠળ છે

આ કેસો અન્વયે સુરત મહાનગરપાલિકાની રેપીડ રીસ્પોન્ટ ટીમ દ્વારા કેસ હિસ્ટ્રી, દર્દીની ટ્રાવેલીંગ હિસ્ટ્રી વિગેરે મેળવી દર્દીને તેમજ દર્દીના કલોઝ કોન્ટેકટ ધરાવતા વ્યકિતને૧૦ દિવસની પ્રોફાઈલેક્ષીસ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે તેમજ રોગ અટકાયત અને નિયંત્રણ સંબંધી આરોગ્ય શિક્ષણ આપવા આવે છે.

વધુમાં આ કેસોનાં રહેઠાણ વિસ્તારમાં તાવ તેમજ તાવ સાથે બીજા લક્ષણોનો સર્વે કરાવડાવી જરૂર જણાય તો નજીકનાં શહેરી આરોગ્ય કેન્દ્ર/ હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવે છે તેમજ જરૂરી આરોગ્ય શિક્ષણ પુર પાડે છે.

હાલમાં સુરત મહાનગરપાલિકાએ નાગરીકોને આરોગ્ય શિક્ષણ મળી રહે તે માટે જુદા–જુદા ૭ સ્થળે હોર્ડીગ્સ,લોકલ ટીવી ચેનલો પર બોટમ સ્કોલ,વર્તમાન પત્રોમાં જાહેરાત, પ્રચારપત્રિકા તેમજ પુસ્તક મેળામાં પણ આ અંગેનો સ્ટોલ રાખી આરોગ્ય શિક્ષણ પુરૂ પાડે છે.

પ્રાઈવેટ તથા સરકારી / અર્ધસરકારી હોસ્પીટલ નીચે એચ૧એન૧ નાં દર્દી દાખલ કરવામાં આવે છે. તેમને રાખેલ આઈસોલેશન વોર્ડ અને તેમા ઉપલબ્ધ જરૂરી સુવિધાઓની તપાસ રીજીયોનલ ડે. ડાયકેટર, જીલ્લા આરોગ્ય અધિકારી તથા આરોગ્ય અધિકારીની ટીમ ધ્વારા ચકાસણી કરવામાં આવશે.

સુરત મહાનગરપાલિકાનાં તમામ શહેરી આરોગ્ય કેન્દ્રોનાં મેડીકલ ઓફીસરો તથા હોસ્પીટલનાં આર.એમ.ઓ. ને આ રોગ સંબંધી ગાઈડલાઈન તેમજ સારવાર બાબતની માહિતી આપવામાં આવી છે તથા ઈન્ડીયન મેડીકલ એસોસીએશન તેમજ સુરત મહાનગરપાલિકા મારફતે એક સી.એમ.ઈ.ની મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

હાલમાં સુરત મહાનરગપાલિકા નાગરીકોને રોગ અટકાયત અને નિયંત્રણ માટે નીચે જણાવ્યા પ્રમાણેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

- ઉધરસ કે છીંક આવે ત્યારે તમારૂ મોઢું અને નાક રૂમાલ કે કપડાંથી ઢાકો.
- નાક, આંખ કે મોઢાને અડકતાં પહેલાં અને પછી તમારા હાથ વારંવાર સાબૂથી ધૂઓ.
- તમને તાવ હોય અથવા ઉધરસ અને છીંક આવ્યા કરતી હોય તો ધણા લોકો એકઠા થાય એવીં ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહો.
- તમને તાવ, ઉધરસ,ગળું ખરાબ,શ્વાસ લેવામાં તકલીફ જેવા કોઈ લક્ષણ વર્તાય તો ડોકટરની પાસે તપાસ કરાવો અથવા નવીસીવીલ હોસ્પિટલ/ સ્મીમેર/ નજીકનાં આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો.

આ સજોગોમાં કોઈને પણ ઉપર જણાવેલ લક્ષણો જણાય તો તેમજ ૫ વર્ષનાં નાના બાળકો, સર્ગભા બહેનો, ૬૫ વર્ષથી ઉપરનાં વૃધ્ધો, હદય, કિડની, લીવર, કેન્સર, બ્લડ ડીસઓર્ડર, ડાયાલીસીસ, ન્યુરોલોજીકલડીશઓર્ડર જેવા જોખમી કેટેગરીમાં આવતા હોય તેઓને જો લક્ષણો દેખાય તો તાત્કાલિક હોસ્પીટલમાં (સ્મીમેર – સીવીલ ખાતે આની તપાસ માટે અલગ ઓ.પી.ડી. રાખવામાં આવેલ છે) જઈ સારવાર લેવી.

# પ્રેસનોટ






સુરત મહાનગરપાલિકાને સુરત શહેરની જનતાને પ્રજાલક્ષી સુવિધાઓ આપવા માટે અનેક એવોર્ડ મેળવ્યા છે. જીવનમાં પુસ્તકોનું મુલ્ય અમુલ્ય છે.સતત પ્રગતિ કરવા માટે વાંચન જરૂરી છે જીવનમાં પુસ્તકોનું ઋણ મહત્વપુર્ણ છે.આ વિચારધારા સાથે સુરત મહાનગરપાલિકા  સ્વામી વિવેકાનંદ ૧૪મો રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિધા–૨૦૧૫'',૧૨મો રાષ્ટ્રીય બગાયત–હર્બલ મેળો અને ફલાવર શો'' સુમન–૨૦૧૫'' તથા શિલ્પગ્રામ મેળો–૨૦૧૫'' નું ઉદ્‌ઘાટન તા.૨૩/૦૧/૨૦૧૫ ના શુક્રવારના રોજ ગુજરાતી ભાષાના સુપ્રસિધ્ધ સાહિત્યકાર અને ગઝલકાર માનનીય શ્રીઅંકિત ત્રિવેદીના વરદ્‌હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ.

મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે આજે સુપ્રસિધ્ધ સાહિત્યકાર અને ગઝલકાર શ્રી અંકિત ત્રિવેદીના વરદ્‌હસ્તે ૧૪ મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, ૧૨ મો રાષ્ટ્રીય હર્બલ / બગાયત મેળો તથા ચતુર્થ શિલ્પ ગ્રામ મેળાનું આજે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ છે.આજે જ્ઞાનની ભૂખ વધી છે. આ પુસ્તક મેળામાં ૨૦૦ થી વધુ સ્ટોલો રાખવામાં આવ્યા છે. અલગ અલગ વિષયના જુદા જુદા પુસ્તકો અહીંયા પ્રાપ્ત કરી શકાશે. રાષ્ટ્રીય પુસ્તક મેળાની સાથે સાથે ફલાવર શો , શિલ્પ ગ્રામ મેળો પણ યોજવાથી કારીગરોને પોતાની કલા પ્રદર્શન કરી શકશે અને કારીગરોને પ્રોત્સાહન પણ મળશે. ભૌતિક સુવિધાના સમન્વય સાથે જ્ઞાન ને પણ ન ભૂલી શકાય. જેટલા મિત્રો હોવા જોઈએ તેટલા પુસ્તકો પણ હોવા જોઈએ પુસ્તક સાથી બની જીવનમાં માર્ગદર્શક થયા છે. વીર પુરુષો, વૈજ્ઞાનિકો, સાહિત્યકારો, રાજકારણી એ બધા માં સમાનતા એ છે કે તેમના જીવનમાં તેઓએ પુસ્તકો માંથી પ્રરણા લીધી છે. પુસ્તકોના પ્રભાવથી જીવન બદલાય છે. પુસ્તકો જીવનમાં અમુલ્ય છે. રાષ્ટ્રીય પુસ્તક મેળાની સાથે સાથે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય દ્વારા શુભેચ્છા સભ્ય પદ યોજના વિશે જાણકારી આપતા જણાવ્યુ હતુ કે, જાહેર પુસ્તકાલયોનું સભ્ય પદ શુભેચ્છાના પ્રતીક તરીકે સ્વજનો કે શુભેચ્છકોને પ્રદાન કરો. ''પુસ્તક દાન  કરો, પુસ્તક પુરસ્કૃત થાઓ'' યોજના અંતર્ગત પુસ્તકોની સંખ્યા પ્રમાણે દાતાશ્રીની શ્રેણી વિશે સમજાવ્યું હતુ. સ્ટુન્ડન્ટ બુક બેંક યોજના વિશે જણાવ્યું હતુ કે, સમાજના આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવતા વિધાર્થીઓને રાહત દરે પુસ્તક સહાય પુરી પાડવા માટે સ્ટુન્ડન્ટ બુક બેંક યોજના શરૂ કરવામાં આવેલ છે. જે અંગેનું માર્ગદર્શન આપ્યુ. હતુ. ઉપરોકત સમગ્ર યોજનાની જાણકારી, પુસ્તકમેળાના કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના સ્ટોલ ઉપરથી મળી શકશે.



મા.સાંસદ શ્રી સી. આર.પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે આજે પુસ્તક પ્રેમીઓ આવ્યા છે. જેના ઘરમાં પુસ્તક હોય તેના ઘરમાં દીકરી આપવી. પુસ્તકોના વાંચનથી સંસ્કારનું સિચન થાય છે. ગુજરાતની અંદર સુરત મહાનગરપાલિકા એ આ પુસ્તકમેળા થકી સાહિત્યકારોને તક આપી, આર્ટીસ્ટોને તક, આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા સુરતમાં ધધાંને પ્રાધાન્ય આપવામાં આવે છે. પરંતુ હવે  સુરત સાહિત્યમાં પણ પાછળ નથી. કવિ નર્મદને કવિતા ના કારણે આગવું સ્થાન મળ્યું છે. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા વતી મા.મેયરશ્રી નિરંજન ઝાઝમેરા ને ૧૧૧ પુસ્તકોનું દાન આપ્યું હતું. સુરત એટલે કવિનર્મદનું શહેર તરીકે ઓળખતા થયા છે. સુરત શહેરનો સર્વાંગી વિકાસ થયો છે.

આ પ્રસંગના ઉદ્‌ઘાટક અને ગુજરાતી ભાષાના સુપ્રસિધ્ધ સાહિત્યકાર અને ગઝલકાર શ્રી અંકિત ત્રિવેદીએ જણાવ્યુ હતું કે માતૃભાષાને પ્રથમ વંદન કરું છું વિધા,સુમન,શિલ્પ – ૨૦૧૫ના ઉદઘાટન પ્રસંગે યુવાન સાહિત્યકારને બોલાવીને ૧૫૦ વર્ષના આર્શીવાદ આપ્યા છે. હું જીન્સ પહેરીને આવું છું કારણે કે કવિતા મારા જીન્સમાં છે.સુરત શહેર કવિનર્મદનું શહેર છે. વકીલ, ડોકટર, શિક્ષક સેવા કરે છે. એમ સાહિત્યકાર પણ માનવતાની કરોડરજજુ ને સરખી રાખવાનુ કામ કરે છે.આપણે અંદરની વૃધ્ધિ તરફ વળવાનુ છે. પુસ્તક જીવનમાં તક આપે છે. જયારે મસ્તક જીવનમાં આગળ કેમ વધવુ એ જણાવે છે. પુસ્તકનું સંવેદન હું છુ. બે પૂંઠા વચ્ચે કવિ એ મુકેલુ સ્પંદન હું છુ. એનો અનુભવ ભલે જુદો છે. પુસ્તકની ત્રણ કોપી રાખવા અનુરોધ કર્યો હતો. એક પોતાના માટે બીજુ ગમતી વ્યતિકને આપવા માટે અને ત્રીજું ઘરમાં રાખવા માટે. કાગળ વૃક્ષમાંથી બને છે. કાગળ બને ત્યારે વૃક્ષ, છોડ જતા કર્યા છે. ત્યારે કાગળનો જન્મ થાય છે. સાહિત્યકારની જવાબદારી વધે છે. અક્ષર પણ શિલ્પ છે. પુસ્તક આપણ ને પસ્તી થતા રોકે છે. કવિ નર્મદે જોયેલુ સ્વપ્ન સુરત મહાનગરપાલિકા પુરું કરે છે.

આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાઝમેરા એ જણાવ્યું હતું કે આજે સુભાષચંદ્ર બોઝની જન્મ જંયતી નિમિતે સુરત શહેરવતી  ભાવાજંલિ આપી હતી. સુરત શહેર વિકાસ માટે જમીનો આપવા બદલ મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બેન પટેલનો આભાર વ્યકત કર્યો હતો. સુરત મહાનગરપાલિકાએ વિકાસની દિશામાં હરણફાળ ભરી છે. આગામી દિવસોમાં સુરત ભવ્ય અને દિવ્ય બનવાનું છે. સુરત શહેરને સ્માર્ટસીટી કાઉન્સીલ દ્વારા INDIAS MOST PROMISING CITY AWARDS અંતર્ગત સુરત શહેરની પસંદગી કરવામાં આવી છે.

પુસ્તક આપણું સાથી નહીપણ સારથી છે. માર્ગ બતાવે છે. દિશા બતાવે છે. કલાકારો માટે સુરત  કદરદાન છે. સુરત શહેરને એવોર્ડ મળવા એ સુરતની પ્રગતિનો સૂચકઆંક છે. સુરત મહાનગરપાલિકા ફરજીયાત સેવા સાથે લોકોની રૂચિને અનુરૂપ કંઈક ને કંઈક આપે છે.

સદર પ્રસંગે આભારવિધિ મા.ડે.મેયરશ્રી રંજનબેન વેકરીયા એ કરી હતી. આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાઝમેરા, સાંસદ શ્રી સી.આર.પાટીલ,શ્રમતી દર્શનાબેન જરદોષ, ધારા સભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી અજયભાઈ ચોકસી, ડે.મેયરશ્રી રંજનબેન વેકરીયા,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, મ્યુ.ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, મા.મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી અતુલભાઈ, અધિકારી/કર્મચારીગણ તથા બહોળા પ્રમાણમાં સાહિત્ય રસિક લોકો તથા વિધાર્થીઓ એ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા

YASHADA મહારાષ્ટ્ર ગર્વમેન્ટ ના ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ ના ૪૪ સભ્યો તથા ૪ ફેકલ્ટી પુણા ની ટીમ તા.૨૩/૦૧/૨૦૧૫ થી ૨૪/૦૧/૨૦૧૫ સુધી સુરત મહાનગરપાલિકા ની મુલાકાતે આવેલ છે.



તા.૨૩/૦૧/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ મા.કમિશનર શ્રીમિલિન્દ તોરવણે ની અધ્યક્ષતા હેઠળ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગ દરમ્યાન મા.કમિશનર શ્રી મિલિન્દ તોરવણે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ.સુરત મહાનગરપાલિકના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ પ્રેઝન્ટેશન થી સદર ટીમ ખુબ પ્રભાવિત થઈ હતી.આવતીકાલે ૨૪/૦૧/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા ના વોટરટ્રીટમેન્ટ પ્લાન્ટ,વિયર કમકોઝવે,સી.સી.રોડ,સાયન્સ સેન્ટર,બોટનીકલગાર્ડન,જગદીશચંદ્ર બોઝ વિગેરેની મુલાકાત લેશે

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.

સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્‌અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશનરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ખાંડ બજાર રેલ્વે ગરનાળાથી કામરેજ તરફ જતાં વરાછા મુખ્ય રોડની બંને બાજુ જે તે મિલકતદારો દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીન તથા પાર્કીંગ સ્પેશ કવર્ડ કરી તાણી બાંધેલ ગેરકાયદેસર બાંધકામો ફેબ્રીકેશન શેડ, ઓટલાઓ, દાદર, દિવાલો, કેબીનો તથા લારી–ગલ્લાઓ મુકી, બેનરો , ગ્રીલ વિગેરે તોડીને આશરે ૨૦૦ જેટલી મિલકતો/દુકાનો/ શોપીંગ સેન્ટર દ્વારા રસ્તા/ફુટપાથ/માર્જીનવાળા ભાગના દબાણો તોડીને આશરે ૧,૦૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. ઉપરાંત મિલકતદારો પાસેથી દંડની રકમ પેટે રૂા.૫૦૦૦૦/– વસુલ લીધેલ છે. સ્થળ પર મામુલી વાંધા વિરોધ સહ મહદ્દ :અંશે કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ. આ ચાલુ કામગીરી દરમ્યાન મ્યુ.કમિશનરશ્રી સ્વયં મધ્યાહને સ્થળ નિરીક્ષણે આવેલ તથા સ્થળ પર કામગીરીનું નિરિક્ષણ કરી માર્ગદર્શન આપેલ.

આગામી દિવસોમાં તબકકાવાર વરાછા ઝોનના અન્યો વિસ્તારોને પણ આ કામગીરી હેઠળ આવરી લેવામાં આવશે.

ઉકત કામગીરી એડી.સીટી. ઈજનેરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન અને રાહબરી હેઠળ પોલીસ સ્ટાફ, ટ્રાફિક પોલીસ તથા સિકયુરીટી સ્ટાફ ની મદદથી અત્રેના પૂર્વઝોનના ઈજનેરી સ્ટાફ દ્વારા પાર પાડવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન , ઉધના ઝોન,રાંદેર ઝોન, વરાછા ઝોન વિસ્તારમાંપૈકી(૧).ડીંડોલીવોર્ડઓફીસપ્રા.શાળા–૧૯૦.૯૭લાખ(૨).પ્રા.શાળા૧૦૭.૧૯લા(૩).મલ્ટીએકટીવીટી–૩૫ .૯૯લાખ (૪)પાર્ટી પ્લોટ ૯૨.૨૯ લાખ (૫)દંતોરા જકાતનાકા બ્રીજ–૧૬૩.૭૬લાખ (૬)ભેદવાડખાડી ૨૭૫લાખ (૭) વરિયાવ ખાડી બ્રીજ–૨૭૨લાખ (૮) વરાછા બ્રીજ વાઈડનીંગ–૨૪૭.૫૨ લાખ કુલ અંદાજીત – ૧૩૮૫.૫૨ લાખના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને શહેર બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી વિનોદભાઈ મોરડીયા, સાંસ્કૃતિક સીમતિના અધ્યક્ષાશ્રીમતિ કિશોરીબેન કાપડીયા ના વરદ્‌હસ્તે તા. ૨૭/૦૧/૨૦૧૫ તથા તા. ૨૮/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવશે.

સુરત મહાનગરપાલિકા સુરત શહેરના વિવિધ ઝોન વિસ્તારની પ્રજાની સુખાકારી માટે સતત કાર્યરત છે. ઉપરોકત વિવિધ પ્રકલ્પો પૈકી લિંબાયત ઝોન ખાતે પ્રાથમિક શાળા, મલ્ટીએકટીવીટી સેન્ટર, પાર્ટી પલોટ ઉધના ઝોન ખાતે દંતોરા ભેદવાડ ખાડી પુલ,રાંદેર ઝોનમાં વરીયાવ ખાતે પુલ, વરાછા ઝોન વિસ્તારમાં સહજાનંદ બૂટભવાની પાસે હયાત ખાડી બ્રીજનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે ઝોન વિસ્તારમાં પ્રાથમિકશાળા બનવાથી આજુબાજુના વિસ્તારના વિધાર્થીઓને શાળાની સુવિધા પ્રાપ્ત થશે.મલ્ટીએકટીવીટી સેન્ટર બનવાથી ઝોન વિસ્તારના લોકોને આંગણવાડી,વાંચનાલય તેમજ યુ.સી.ડી. સેન્ટરની સુવિધા પ્રાપ્ત થશે.પાર્ટી પ્લોટ બનવાથી ઝોન વિસ્તારના લોકોને સામાજીક પ્રસંગો ઉજવી શકશે.અને ખાડી પુલોનું ઉદ્‌ઘાટનથી ઝોન વિસ્તારના લોકોને અવરજવર,વાહનવ્યવહાર ની સુવિધા પ્રાપ્ત થશે.

:: પ્રેસનોટ::

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો–''વિદ્યા ૨૦૧૫'' અને રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો–''સુમન ૨૦૧૫'' તથા શિલ્પગ્રામ મેળો–''શિલ્પગ્રામ ૨૦૧૫''નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં સવારે અને સાંજે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓમાં રહેલી લેખન કળાની શકિતઓને બહાર લાવવા તા.૨૪/૦૧/૨૦૧૫ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં ધોરણ ૪ થી ૮ના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં (૧) સારું વાંચો, સારું વિચારો. (૨) સ્વચ્છ સુરતની મારી કલ્પના. (૩) વાંચનનો આનંદ. (૪) પુસ્તક પુષ્પ અને શિલ્પગ્રામ મેળાની મુલાકાતે. (૫) યુવાનોના પથદર્શક : સ્વામી વિવેકાનંદ વિષય પર ૪૨૫થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



હવે પછી નીચે મુજબના કાર્યક્રમો રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાશે. જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાનાર વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોને માણવાં શહેરીજનોને હાર્દિક નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સ્પર્ધા<br>(બપોરે ૧૨.૦૦ કલાકે) | સ્પર્ધા / સાંસ્કૃતિક કાર્યક્રમ<br>(સાંજે ૭.૦૦ કલાકે) |
|---|---|---|---|
| ૧ | ૨૫/૦૧/૨૦૧૫<br>રવિવાર | સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા<br>(વેસ્ટમાંથી બેસ્ટ)<br>(ધો.૯ થી ૧૨) | હાસ્ય કવિ સંમેલન |
| ૨ | ૨૬/૦૧/૨૦૧૫<br>સોમવાર | – | દેશભકિત પર આધારિત ગ્રૂપ ડાન્સ કોમ્પીટીશન<br>(ધો.૯ થી ૧૨) |
| ૩ | ૨૭/૦૧/૨૦૧૫<br>મંગળવાર | વેશભૂષા હરિફાઈ<br>(ધો. ૧ થી ૫) | યોગા શો<br>(યોગા ડેમોસ્ટ્રેશન એન્ડ સેલ્ફ ડિફેન્સ) |

:: પ્રેસનોટ::

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો



સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો–''વિદ્યા ૨૦૧૫'' અને રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો–''સુમન ૨૦૧૫'' તથા શિલ્પગ્રામ મેળો–''શિલ્પગ્રામ ૨૦૧૫''નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં સવારે અને સાંજે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૩/૦૧/૨૦૧૫ના રોજ પુસ્તક મેળાના સેમીનાર હોલમાં સાંજે ૭.૦૦ કલાકે ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓની જનરલ નોલેજ કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૪૦ શાળાના ૧૨૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં નીચે જણાવ્યા મુજબ વિજેતા નિવડયા હતા.

| સ્પર્ધાનું નામ | વિજેતા | | |
|---|---|---|---|
| | પ્રથમ | દ્વિતીય | તૃતીય |
| જનરલ નોલેજ કવીઝ | શ્રીમતી વી.ડી.દેસાઈ વાડીવાલા સ્કૂલ | એમ.એ.બોઈઝ સેકન્ડરી સ્કૂલ | એમ.એ.ગર્લ્સ સેકન્ડરી સ્કૂલ |

હવે પછી નીચે મુજબના કાર્યક્રમો રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાશે. જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાનાર વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોને માણવાં શહેરીજનોને હાર્દિક નિમંત્રણ છે

| ક્રમ | તારીખ / વાર | સ્પર્ધા (બપોરે ૧૨.૦૦ કલાકે) | સ્પર્ધા / સાંસ્કૃતિક કાર્યક્રમ (સાંજે ૭.૦૦ કલાકે) |
|---|---|---|---|
| ૧ | ૨૪/૦૧/૨૦૧૪ | નિબંધ સ્પર્ધા (ધો. ૪ થી ૮) | ગ્રૂપ ડિસ્કશન સ્પર્ધા (માધ્યમિક/કોલેજ/સીની.સીટીઝન વિભાગ) |
| ૨ | ૨૫/૦૧/૨૦૧૫ રવિવાર | સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા (વેસ્ટમાંથી બેસ્ટ) (ધો.૯ થી ૧૨) | હાસ્ય કવિ સંમેલન |
| ૩ | ૨૬/૦૧/૨૦૧૫ સોમવાર | – | દેશભકિત પર આધારિત ગ્રુપ ડાન્સ કોમ્પીટીશન (ધો.૯ થી ૧૨) |
| ૪ | ૨૭/૦૧/૨૦૧૫ મંગળવાર | વેશભૂષા હરિફાઈ (ધો. ૧ થી ૫) | યોગા શો (યોગા ડેમોસ્ટ્રેશન એન્ડ સેલ્ફ ડિફેન્સ) |